સુરત વનિતા વિશ્રામ

પ્રશ્નોત્તરમાળા.

પ્રકટ કરનાર

બાઈજીગૌરી દોલતરાય મુનશી,

વ્યવસ્થાપક

વનિતાવિશ્રામ-સુરત.

સંવત ૧૯૬૮.

કિંમત રૂા. ૦-૧-૦.

ऊर्ध्वाम्नायगुरोः [illegible] सिंहासने,
सिद्धाचारसमस्तवेदपठितं पट्चक्रसंचारणम् ।
अद्भुतस्फुरदग्निमेकमखिलं पूर्णप्रभाशोभितं,
शान्तं श्रीगुरुपङ्कजं भज मनश्चैतन्यचन्द्रोदयम् ॥

अथमंगलम्.

स्रग्धरावृत्तम्.

આવો આવો પધારો, હૃદય કમલની, મધ્યમાં તાત! બેસો,
પૂજું પ્રેમે યથાર્થે, વિધવિધ વિધિથી, તે સ્વીકારી જ લેશો;
જેવા તેવા તથાપિ, અબળ જન તણા, ઉપચારો ગ્રહેજો,
સાચા ત્રાતા દયાળુ, નિશદિન નમને, દીનને તો રહેજો. ૧
કેવા રૂડા દિસંતા, અમિત પ્રકટતા, તેજના પુંજથી રે,
ભાળીને તે રટેલા હૃદય રમણને, દોડી ત્યાં વેગથી રે;
ઝાઝે કાળે મળેલા, નરવર નિરખી, પ્રેમના અશ્રુ ચાલે,
નીભાવો એ સદાએ, સુખદ સમયને, રંક આ પાય ઝાલે. ૨

પ્રસ્તાવના.

ધર્મનીતિનું યથાર્થ સ્વરૂપ તથા તેનો પરસ્પર સંબંધ કેવો છે તે સમજવું ઘણું મુસ્કેલ છે, છતાં એટલું તો સૌ કોઇ કબુલ કરશે કે નીતિ વિનાનો ધર્મ ઇચ્છિત ફળને આપતો નથી. નીતિ શબ્દનો વ્યાપક અર્થ ઘણો વિશાળ છે છતાં અહિં નીતિ શબ્દનો અર્થ **"સદ્વર્તન"** એટલોજ કરવામાં આવે છે. સદ્વર્તનમાં ધર્મનીતિનો પૂર્ણ સમાવેશ થાય છે, મહા પુરુષોએ પણ એવોજ ઉપદેશ આપ્યો કે **"પવિત્ર જીંદગી ગાળો"** મતલબ કે **'નીતિને રસ્તે ચાલો'** એજ ધર્મ છે. કેટલાક મહા પુરુષોએ ધર્મનો વિશેષ વિસ્તાર કરતાં સત્ય, દયા, તપ, શૌચ આદિ નીતિના માર્ગને ધર્મના અંગ તરીકે ગણ્યાં છે.

શિક્ષકોએ આખા દિવસના અભ્યાસક્રમમાં જ્યાં જ્યાં ધર્મનીતિના પ્રસંગો આવતા જાય ત્યાં ત્યાં તે તે પ્રસંગોમાં વિદ્યાર્થિઓનું ધ્યાન ખેંચતા જવું. આ વિષયો ખાસ લેવા કરતાં પ્રસંગોપાત જ્યાં જ્યાં તેનો સંબંધ સીધી વા આડકતરી રીતે આવતો હોય ત્યાં ત્યાં તેનો લાભ લઇ એ બાબતો ઉપર વિશેષ વિવેચન કરી વિદ્યાર્થિની

નીતિના પાયાને મજબુત કરવા બનતો પ્રયાસ કરવો. આવા ગંભીર વિષયોપર આડંબર યુક્ત શબ્દોમાં ભાષણ આપી જવું અથવા વ્યવહારમાં ભાગ્યેજ મૂકી શકાય એવા પાંડિત્યદર્શક ઉપદેશ માત્ર આપવા એથી બીલકૂલ શોભા નથી. આવા વિવેચનનો ઉદ્દેશ જુદોજ હોવો જોઇએ; અને તે એ કે નીતિધર્મની છાપ વિદ્યાર્થિના હૃદયપર સચોટ પડે અને તેની અસર કદી પણ નાબૂદ થવા ન પામે. આવું પરિણામ લાવવા માટે પ્રથમ તો સારી અને સરળ ભાષામાં વાત કરતા હોય એવી પધ્ધતિએ વિવેચન કરવું અને તે મનોરંજક દૃષ્ટાંતો તથા રસીલી વાર્તાઓથી દૃઢ કરવું. સાથે સાથે વિદ્યાર્થિઓની અવસ્થાનો પણ વિચાર કરી તેવી યુક્તિ કામે લગાડવી.

છેવટે એટલું કહેવાનું કે, શિક્ષકોની નીતિ રીતી અને વર્તનની છાપ વિદ્યાર્થિઓ ઉપર સચોટ પડે છે, માટે પ્રથમ તો શિક્ષકે સદ્વર્તનશાળી થઇ સર્વ માન્ય તત્વોનું યથાર્થ જ્ઞાન મેળવવા બનતો પ્રયાસ કરવો જોઇએ. આ વિષયમાં શિક્ષકનું જ્ઞાન બહોળા વિસ્તારવાળું હોય તોજ ઇષ્ટફળની આશા રાખી શકાય, અને વાંચનમાળામાં વચ્ચે વચ્ચે નીતિધર્મના પાઠો મુકવાનો ઉદ્દેશ પાર પડી શકે.

આ પુસ્તકને ચાર ભાગમાં વહેંચી દરેક ભાગમાં ૨૭ પ્રશ્નોત્તરનો સમાવેશ કરવામાં આવ્યો છે. ૧૦૮ મણકાની માળાના ચાર ભાગ કરી ૨૭ મણકા (પ્રશ્નોત્તર)નું એક સ્મરણ, (ભાગ) એવી રીતે ચાર સ્મરણમાં માળાની સમાપ્તિ કરી છે. પ્રથમના બે સ્મરણ (ભાગ)માં સામાન્ય નીતિ ધર્મનો સમાવેશ કરી છેવટના બે સ્મરણ (ભાગ)માં વિશેષ ધર્મનીતિ—આધ્યાત્મિકજ્ઞાન—નું દિગ્દર્શન કરાવવામાં આવ્યું છે. પ્રથમથી ચોથા ધોરણ સુધી પહેલા અને બીજા સ્મરણ (ભાગ)નું શિક્ષણ આપવું અને પાંચમાં છઠ્ઠા ધોરણમાં ત્રીજા ચોથા સ્મરણનું શિક્ષણ આપવું ફળદાયી નિવડશે. તથાસ્તુ.

વનિતા વિશ્રામ

સુરત,

આશ્વિન શુકલ પૂર્ણિમા

સંવત ૧૯૬૭.

प्रश्नोत्तर माळा.

प्रथम स्मरण.

१ प्रश्न— સદાચરણ એ શબ્દનો અર્થ શું થાય છે?

ઉત્તર—સદાચરણના સત્ અને આચરણ એ બે પદ થાય છે. સત્ એટલે સર્વ કાળમાં જે સાચુંજ હોય અને જે હર હમેશાં તેવું ને તેવું રહેતું હોય તે, અને આચરણ એટલે વ્યવહાર કરવાની રીતિ. હવે સર્વ વ્યવહારમાં મન, વચન અને કર્મથી સાચું કામ કરવું જોઇએ કે જેથી આ લોકમાં કીર્તિ મળે અને તે સાથે પરમેશ્વરની પ્રીતિ મેળવી શકાય.

૨ પ્ર— સદાચરણ કોને કહેવાં એના ઉદાહરણ આપો?

ઉ—બાળપણામાં માબાપની સેવા કરવી, તેમનાં કામમાં મદદ કરવી, ઉમ્મર વધતાં માબાપે જેને દાનમાં

કન્યાનું અર્પણ કર્યું હોય તે ધર્મ પ્રાપ્ત પતિની તન મનથી સેવા કરી તેમની પૂર્ણ પ્રીતિ સંપાદન કરવી, તેમજ આસપાસના બન્ને તરફના સંબંધીઓના યથા શક્તિ કામ કરવાં, અને વધારાના વખતમાં સારા ઉદ્યમમાં રહેવું, અને પરોપકારી કામ કરવામાં મન અને મળેતો ધન વાપરવું. ટુંકામાં એજ કે જેમ બને તેમ સર્વને ઉપયોગી થવું, અને પોતાનાં તથા પારકાનાં કલ્યાણનાં કામો કરવાં એને સદાચરણ કહેવાય છે.

૩ પ્ર— સદ્‌બોધ એટલે શું ?

ઉ—સદ્‌બોધના સત્ અને બોધ એવાં બે પદ થાય છે. ત્યાં સત્ એટલે ત્રણે કાળમાં જે તેવું ને તેવું રહે છે તે. અને બોધ એટલે જાણવું તે.

૪ પ્ર— સદ્‌બોધ લેવાથી શો ફાયદો થાય ?

ઉ—સદ્‌બોધનો મુખ્ય અર્થ ઇશ્વરીજ્ઞાન સંપાદન કરવું એ થાય છે. ત્યાં ઇશ્વરીજ્ઞાન તે આત્મા અને પરમાત્માને ઓળખવો તે, એનેજ યથાર્થ સદ્‌બોધ કહેવાય છે.

૫ પ્ર— માણસોના અંતરમાં શાંતિ તથા સુખ શાથી જણાય છે ?

ઉ—જે મનુષ્ય ઇશ્વરના નિયમને અનુસરીને જગત્‌ના વ્યવહારો કરે છે તેનાં અંતરમાં શાંતિ સુખ જણાય છે.

૬ પ્ર— ઇશ્વરના નિયમો કેવા હોય છે અને તેનુ પાલન કેવી રીતે કરવું ?

ઉ—ઇશ્વરના નિયમો એટલે હમેંશા સાચું બોલવું, તથા સર્વ રીતે પ્રાણી માત્રપર પ્રેમથી વર્તવું, ને દયા ક્ષમા આદિ ગુણોને ધારણ કરી તે પ્રમાણે વ્યવહારમાં વર્તવું, એ ઇશ્વિરી નિયમ પાલન કર્યા કહેવાય છે.

૭ પ્ર— એથી વિશેષ કંઇ ઇશ્વરના નિયમો છે ?

ઉ—એથી પણ ઉચ્ચ અધિકાર મેળવવા બીજા ઘણા નિયમો છે.

૮ પ્ર— તે નિયમોનું થોડું વર્ણન કરો ?

ઉ—તેમાં મુખ્ય નિયમ તો એ છે કે મનુષ્ય માત્રે પોતાના આત્માના ઉદ્ધારને અર્થે યત્ન કરવો, અને તે આત્માનો ઉદ્ધાર કરવાને માટે શાસ્ત્રમાં કહેલા સાધનો સાધવા, જેથી સાધનની પરિપાક દશાએ આત્માને પરમાત્માની એકતાનો અનુભવ કરી શકાય છે. આ પ્રકારની જે ઉચ્ચ સ્થિતિ મેળવવા માટે ઉપાયો કરવા એ સર્વોત્તમ નિયમોનું પાલન કર્યું કહેવાય છે.

૯ પ્ર— હિંદુ સ્ત્રીઓ ભીરૂ અવસ્થાને પામ્યાં એનું કારણ શું ?

ઉ—પૂર્વે થઇ ગયલાં બીજાં અનેક કારણો હોય પણ મૂળ કારણ તો તેને માનસિક કેળવણી મળવાનો

અભાવ થયો, એટલે સ્ત્રીઓ વધારે વધારે અજ્ઞાન તરફ ધસડાતી ગઇ તેથી તેઓ છેક અજ્ઞાન વશ થઇ ગઇ છે તેને લીધેજ તેઓ બીરૂતાને આધીન થઇ ગઇ છે.

૧૦ પ્ર—એ સ્ત્રીઓની અજ્ઞાનતા કાઢવા સરલ ઉપાય છે ?

ઉ—હા. એ સ્ત્રીઓને જો માનસિક કેળવણી આપવામાં આવે તોજ એની અજ્ઞાનતા નાશ પામે.

૧૧ પ્ર—બાળકને કેળવણી આપવાથી લાભ થાય છે એનું કારણ શું ?

ઉ—બાળકનું—અંતઃકરણ ઘણું ખંતીલું હોય છે તેને દરેક વાતમાં પ્રશ્ન કરવાની પણ ઘણી ટેવ હોય છે. એ પ્રશ્નનો જો માતા પિતા તરફથી યોગ્ય ખુલાસો મળે તો તે બહુ ખુશી થાય છે. અને તે પ્રમાણે ચાલવાને તેને ઉત્સાહ થાય છે.

૧૨ પ્ર—એ ઉત્સાહ બાળકનામાં પ્રકટાવવા શું કરવું ?

ઉ—માબાપે પૂર્ણ જ્ઞાન મેળવવાની કાળજી રાખવાની છે. હવે એ કેળવણી કેવી રીતે આપવી તો તેનો ઉત્તર એ છે કે પ્રથમ શારીરિક કેળવણી આપવી. એટલે શરીર મજબુત થાય એટલા માટે કસરત તથા ઘરનાં કામોમાં વધારે જોડાવું જોઇએ. ઘરનાં કામો કરવામાં સ્ત્રીઓને

અજાણુપણાથી કસરત જેટલોજ લાભ થાય છે. માટે સ્ત્રીઓને ઘર વ્યવહાર એજ મુખ્ય કસરત છે. અને પુરુષોને શરીર કેળવવામાં કસરત કરવાની છે. શરીરને કેળવતાં જરા જરામાં થાકી જતું નથી અને શરીરના બધા ભાગને મહેનત પડતાં બરોબર લોહીનું ફરવું થાય છે. તેથી આરોગ્ય ભોગવવાનો વધારે સંભવ છે. શરીર કેળવવાની સાથે મનને કેળવણી આપવાની બહુ જરૂર છે. એ કેળવણી જો બરોબર અપાય તોજ સારૂં ફળ મળે.

૧૩ પ્ર—જગત્‌માં સારા માણસ કોને કહેવાં ?

ઉ—જેનું અંતઃકરણ ચોકખું હોય ને જે ન્યાયથી વર્તતા હોય તેનેજ સારાં માણુસ જાણવાં.

૧૪ પ્ર—પુત્રીને કેળવણી કેવા પ્રકારની આપવી જેથી તે સર્વ સમય પોતાનું કર્તવ્ય બજાવી શકે ?

ઉ—પુત્રીઓને સામાન્ય શિક્ષણની સાથે ગૃહશિક્ષણ, નીતિશિક્ષણ, ધર્મશિક્ષણ, વિગેરેનો બાળપણથી અભ્યાસ કરાવવો જોઇએ. સ્ત્રીઓને ગૃહશિક્ષણ એજ પ્રધાન શિક્ષણ છે. તેનું બરોબર જ્ઞાન આપ્યું હોય તો તે સ્ત્રી સર્વ સમયમાં યથાર્થ કર્તવ્ય કરી શકે છે.

૧૫ પ્ર—ધર્મ કોને કહેવો તે કહો?

ઉ—ધર્મના ઘણાં અર્થ થાય છે. કોઇ તો આખો દિવસ દેવપૂજા કરવી એને ધર્મ કહે છે. કોઇ અનેક દેવ મંદિરમાં અનેક વખત દર્શન કરે છે. કોઇ તો માળાજ ફેરવ્યા કરે છે. કોઇ ગમે તેવા પણ બાવા સંન્યાસી વા બ્રાહ્મણ હોય તો તેને જ્યાં ત્યાંથી લાવી કંઇને કંઇ પણ આપવું એને ધર્મ માને છે. તથાપિ ખરૂં જોતાં ધર્મ એટલે પોતાના વર્ણાશ્રમની ફરજો યોગ્ય રીતે બજાવવી અને પરમેશ્વરને ઓળખવાના સાધનો જાણવાં અને જાણીને તેને આચારમાં મૂકવાં જેથી કરીને બંને લોકમાં સન્માન મળે એવી કૃતિનેજ યથાર્થ ધર્મ કહેવાય છે.

૧૬ પ્ર—વ્યવહારમાં સુખેથી રહી શકાય એવો કયો રસ્તો છે?

ઉ—જો ઈશ્વર સંબંધી જ્ઞાન મેળવ્યું હોય અને તે પ્રમાણે આચારમાં વર્તન કરાય તો વ્યવહારમાં સુખથી રહી શકાય છે.

૧૭ પ્ર—આપણે ઈશ્વર સંબંધી જ્ઞાન મેળવ્યું હોય અને બીજાં સંબંધીને તેવું જ્ઞાન ન હોય તો તે લોકોના પ્રસંગથી નિરંતર ત્રાસ વેઠવો પડે તો તેનું શું કરવું.

ઉ—બનતા સુધી આપણે આપણા સ્વભાવને સુધારવો. સ્વભાવ સુધર્યા પછી કોઇ તરફથી આવેલો ત્રાસ ઘણો નડતો નથી. માટે એવા પ્રસંગમાં ઘણો ભાગ ન લેવો. અને ન છુટકે લેવો પડે તો મનને તેમાં રંગાવા દેવું નહિ, એટલે ત્રાસથી થતા દુઃખ શોકનો અનુભવ કરવો પડે નહિ.

૧૮ પ્ર—અજ્ઞાની મનુષ્યોમાં કયા પ્રકારથી રહીએ તો આપણને લાભ થાય છે?

ઉ—અજ્ઞાની મનુષ્યોનાં સમુદાયમાં તેનાં જેવાંજ થઇ રહીએ તો રહી શકાય છે. નહિ તો બહુ દુઃખ પડે છે. કારણ કે અજ્ઞાની પ્રાણી ઘણા અભિમાની અને અવિચારી હોય છે. તેથી તે અનેક રીતે પોતાથી જુદા વિચારના પ્રાણીને હાનિ પહોંચાડે છે માટે તેવા પ્રાણીના સંબંધમાં આવતાં આપણને તેમજ અન્યને હાનિ ન થાય એમ સાવધ રહીને તે પ્રસંગ વિતાવી દેવો. એવી રીતે સાવધાનતાથી રહેતાં આવડે તોજ આપણને લાભ થાય છે.

૧૯ પ્ર—એવા અજ્ઞાની માણસ જોડે ઠીક ન વર્તીએ તો આપણને શું હાનિ થાય છે?

ઉ—અજ્ઞાની મનુષ્યો જોડે યુક્તિથી કામ કરતાં ન આવડે તો જગત્‌માં મિથ્યા નિંદા થાય છે. એવા મનુષ્યો સાચી જૂઠી કરીને જ્યાં ત્યાં સજ્જનની અપકીર્તિ ફેલાવે છે. માટે ડાહ્યા માણસે સાપની પેઠે ડરીને તેવાથી ચાલવું જોઇએ. જેથી દુ:ખમાં સપડાવવા વખત આવે નહિ.

૨૦ પ્ર—માનસિક કેળવણી આપવી એટલે શું કરવુ?

ઉ—પ્રથમથીજ પ્રજાના તન અને મનને નાજુક ન થવા દેવાં પણ મજબુત અને સહનશીલતાના અભ્યાસી કરવા જોઇએ. બાળપણથી તેનું ધારેલું બધું કરવામાં આવે છે તે માણસને આગળ બહુ દુ:ખી થવાનો સંભવ છે. માટે તેમ ન કરતાં મનને કેળવાય એવું જ્ઞાન અપાવ્યું હોય તો તેમ થવાનો વખત આવનો નથી.

૨૧ પ્ર—સાર્વજનિક ઉન્નતિ કરવા સારૂ પ્રથમ શુ જરૂરનું છે?

ઉ—ખરેખરી ઉન્નતિનું પ્રથમ પગથીઉ સ્ત્રીઓજ છે. જો સ્ત્રીઓને ઉત્તમ પ્રકારની કેળવણી બાળપણથીજ આપવામાં આવે તો ખરેખરી ઉન્નતિ થવાનો પ્રસંગ જલદી આવે.

૨૨ પ્ર—એ કેળવણી કેવી રીતે આપવી ને કોણે આપવી?

ઉ—એ કેળવણી પ્રથમ માતાએ આપવાની છે. જો માતા કોમળ અવસ્થામાં બાળકને યોગ્ય કેળવણી આપી જેવા વિચારવાળું કરવા ધારે તેવા વિચારવાળી તેની પ્રજા ભવિષ્યમાં નીવડે છે.

૨૩ પ્ર—સ્ત્રીઓને પૂર્વ કાલમાં ઘણું સન્માન મળતું હતું, અને હાલ એથી ઉલટું જોવામાં આવે છે તેનું શું કારણ ?

ઉ—પૂર્વકાલમાં બાલ્યાવસ્થાથીજ પુત્રીઓને યોગ્ય શિક્ષણ અપાતું હતું. તે સમયમાં પુત્રોને ગુરુને ઘેર ભણવા મોકલવાનો રિવાજ હતો. અને પુત્રીઓને માતપિતા શિક્ષણ આપતા. એ શિક્ષણ આપવામાં કોઇ પ્રકારનો ભેદ રાખવામાં આવતો નહોતો. એટલે સ્ત્રીઓ સર્વગુણસંપન્ન થતી ને તેને લીધે સન્માન મળતું, હાલ તેવી વ્યવસ્થા નથી એટલે ઉલટું જોવામાં આવે છે.

૨૪ પ્ર—પાપ એ શબ્દનો અર્થ શું ?

ઉ—જે ક્રિયાનુ ફલ દુઃખ થાય તે પાપ કહેવાય છે.

૨૫ પ્ર—દરેક માણસને કંઇ કંઇ વાતનો ભય રહે છે એનું કારણ શું હશે ?

ઉ—ભય રહેવો એ કેળવણીની ખામીનું પરિણામ છે.

૨૬ પ્ર—એ ખામીઓ શા ઉપાયથી દૂર થાય ?

ઉ—એ બીરૂ પ્રકૃતિ ટાળવા માટે બાલકપણથી મનની કેળવણી આપવી જોઇએ, જેથી તે હિતકર કાર્યમાં નીડરપણે વ્યવહાર કરી શકે.

૨૭ પ્ર—હાલ એવી નીડર પ્રવૃતિ ઘણી જોવામાં આવે છે. પણ બીજો ભયતો ઘણો દેખાય છે તેનું કારણ શું?

ઉ—હાલ જે નીડર પ્રવૃતિ દેખાય છે તે એક દેશી છે. અને કેવળ સ્વાર્થ પોષાક છે. તેથી તેનું સુપરિણામ જોવામાં આવતુ નથી.

प्रश्नोत्तर माळा.

द्वितीय स्मरण.

૧ પ્રશ્ન—હાલની પ્રજામાં મનની દૃઢતા નથી જણાતી તેનું કારણ શું ?

ઉતર—હાલ મનને કોઇપણ પ્રકારનું શિક્ષણ મળતું નથી તેથી મનની સ્થિતિ ઘણીજ નબળી હોય છે. ને નબળા મનને દ્રઢતા કયાંથી હોય.

૨ પ્ર—પતિ જો યોગ્ય હોય તો તો તેને આધીન રહેવામાં દુઃખ નથી, ને સુખ મેળવાય છે પણ પતિ જો તેમ ન હોય તો પછી શું કરવું ?

ઉ—યોગ્ય પતિને આધીન રહેવું એતો સુગમ છે, પણ ખરૂં કર્તવ્ય અયોગ્ય પતિપ્રતિ કરવાનું છે. કામ રૂપી કામણ કરી પતિને વશ વર્તાવવો એ શુધ્ધ સ્ત્રીઓનું ભૂષણ છે અયોગ્ય પતિ મળવો એપણ પોતાનાં પૂર્વજન્મના કર્મોનું ફળ જાણી તે સમયને પ્રેમથી પતાવી કર્તવ્ય પરાયણ રહેવું.

૩ પ્ર—આપણે કેવાં કામો કરીએ તો ઈશ્વર પ્રસન્ન થાય ?

ઉ—પ્રાણી માત્ર પ્રતિ પ્રેમથી વર્તન કરીએ અને અંતરમાં દયાભાવ રાખીને સર્વ વ્યવહાર કરીએ તો ઇશ્વર પ્રસન્ન થાય છે.

૪ પ્ર—જગત્‌ના લોકને અને જગદીશ્વરને બેને સાથે પ્રસન્ન રાખી શકાય કે નહિ ?

ઉ—લોક અને લોકપતિને બધાં કામમાં સાથે રાજી રાખી શકતાં નથી.

૫ પ્ર—જો એવી રીતે બેને સાથે રાજી રાખી શકાતા નથી તો પછી આપણે કયે રસ્તે કામો કરવા તે સમજાવો ?

ઉ—આપણે કરવાના જે જે કામો છે તે દરેક કામમાં પરમેશ્વરને રાજી રાખવા પ્રથમ વિચાર રાખવો જોઇએ હવે કેટલાક કાર્યો એવા હોય છે કે લોકને રાજી રાખીએ તો અઘટિત કાર્યો કરવા પડે છે. તો ત્યાં લોકને રાજી રાખવા કરતાં પરમેશ્વરને રાજી રાખવા પ્રતિ વધારે ધ્યાન રાખવું.

૬ પ્ર—લોકોને નારાજ કરીને કામ કરીએ છીએ તો લોકના તરફથી બહુ ત્રાસ વેઠવો પડે છે. તો તેને સારૂ શો ઉપાય કરવો કારણ કે પરમેશ્વર પ્રત્યક્ષ ન હોવાથી તેનો સાક્ષાત્ ભય નથી પણ લોકનો તો સાક્ષાત્ ભય રહે છે.

ઉ—પરમેશ્વર પ્રત્યક્ષ નથી એ પ્રશ્નજ અજ્ઞાનતાને સૂચવે છે ? કારણકે પ્રાણીમાત્રના હૃદયમાં પરમેશ્વર પ્રત્યક્ષ છે. સર્વ જીવોને ઇશ્વરનો ભય વધારે હોય છે અને જે ઇશ્વરને ન ઓળખે તેનેજ લોકોનો ભય વધારે હોય છે.

૭ પ્ર—સ્ત્રીનો અધિકાર નીચો છે તેનું કારણ શું ?

ઉ—કુદરતી નિયમે પુરુષના અંગોમાં અને સ્ત્રીઓના અંગમાં ફેર છે એવાં અનેક કારણોને લીધે કંઇ કંઇ બાબતોમાં સ્ત્રીઓનો અધિકાર ઓછો કહેલો છે. બાકી બધા પ્રસંગમાં તેમ ગણવાની જરૂર નથી.

૮ પ્ર—સ્ત્રી અને પુરુષમાં ધર્મ પાળવો એ મુખ્ય કોની ફરજ છે ?

ઉ—ધર્મ શું અને તેનું રહસ્ય શું. એ બન્ને જાતિને જાણવાનો વિષય છે. એક જાતિથી ધર્મ પળાતો નથી અને કદાપિ બલાત્કારથી પાળે તો તેથી લાભ થતો નથી.

૯ પ્ર—ધર્મ ન પાળે તેને સુખ મળે કે નહિ ?

ઉ—સુખ એ શબ્દ કયા વિષયમાં ગણવો એનો નિર્ણય કર્યાવિના સુખનો નિર્ણય થાય નહિ. કેમકે વ્યક્તિ પરત્વે સુખના વિષય જુદા માનેલા છે માટે પ્રથમ સુખ કોને કહેવું એ જાણવું જોઇએ.

૧૦ પ્ર—શાસ્ત્રમાં આચારને પ્રથમ ધર્મ કહ્યો છે તેનું કારણ શું ? એ આચાર પાળવાની રીતથી તો બહુ ખરાબી થયેલી જણાય છે ?

ઉ—શાસ્ત્ર જેને આચાર કહે છે તેવો આચાર હાલ પળાતો નથી. આચાર એટલે કોઇનાથી તદન જુદા રહેવું એમ નથી પણ આચાર એટલે આચરણ. આચરણ એટલે રીતભાત એ આચરણને સમજી તે પ્રમાણે ચાલવાનું છે.

૧૧ પ્ર—શાસ્ત્ર જેને આચાર કહે છે તે કેવો છે?

ઉ—શાસ્ત્ર શુદ્ધ રીતભાતને આચાર કહે છે. મનની પવિત્રતા, વાણીની પવિત્રતા, શરીરની પવિત્રતા, આ ત્રણે વડે જગત્માં સારી રીતે વર્તન કરવું તેનેજ ધર્મમાં સહાયભુત આચાર કહ્યો છે.

૧૨ પ્રશ્ન—કર્મ એટલે શું ?

ઉત્તર—કર્મ એટલે મન, વચન અને શરીરથી જે જે ક્રિયાઓ કરીએ તેને કર્મ કહેવાય છે.

૧૩ પ્ર—કર્મ કેટલા પ્રકારના થાય છે ને તેના નામ ગણાવો ?

ઉ—કર્મ ત્રણ પ્રકારના હોય છે. તેમાં પ્રથમ સંચિત બીજું ક્રિયમાણ અને ત્રીજું પ્રારબ્ધ એમ ત્રણ જાતના મનાય છે.

૧૪ પ્ર—સંચિત, ક્રિયમાણ અને પ્રારબ્ધ એ ત્રણ કર્મોનું સ્વરૂપ સમજાવો ?

ઉ—સંચિત એટલે પૂર્વના થઇ ગએલાં અનેક જન્મોના કર્મો, ક્રિયમાણ એટલે વર્તમાન જન્મમાં કરાતાં કર્મો, અને પ્રારબ્ધ એટલે જે કર્મથી આ શરીર તૈયાર થયું છે અને જે વડે આ જન્મમાં ભાગ ભોગવવામાં આવે છે તે કર્મો પ્રારબ્ધથી ઓળખાય છે.

૧૫ પ્ર—એ ત્રણે કર્મનો નાશ કરવો હોય તો તેમને સારૂ શો ઉપાય કરવો ?

ઉ—એ કર્મોનો નાશ કરવાને એકજ ઉપાય છે, અને તે એજ કે યથાર્થ જ્ઞાન સંપાદન કરવું. જ્ઞાનરૂપી અગ્નિ પ્રકટ કર્યાથી એ કર્મો બળી જાય છે.

૧૬ પ્ર—જ્ઞાનરૂપી અગ્નિથી ત્રણે કર્મો બળી જાય છે. તેનું કારણ શું ?

ઉ—જ્ઞાનરૂપી અગ્નિથી ત્રણે કર્મો બળી જાય છે. જ્ઞાનરૂપી અગ્નિથી સંચિત અને ક્રિયમાણ કર્મોનો નાશ થાય છે એટલે એ કર્મો ફળ આપવાને અશકત થઇ જાય છે. અને પ્રારબ્ધ કર્મ બળેલી દોરડીની માફક

દેખાવા માત્ર રહે છે પણ તેથી ફળના ભોકતા કે ... નથી.

૧૭ પ્ર—પ્રારબ્ધ દેખાવા માત્ર રહે છે, છતાં ફળના ભોકતા થવાતું નથી. એનું કારણ શું : તે સ્પષ્ટ રીતે સમજાવો ?

ઉ—જેમ બળેલી દોરડી જોવામાં બરાબર હોય છે પણ તે કોઇના ઉપયોગમાં આવી શકતી નથી. કારણ કે હાથમાં લેતાં તે રાખરૂપ થઇ જાય છે તેમ જ્ઞાનીના પ્રારબ્ધ કર્મ બધાનાં જોવામાં આવે છે પણ તેનું અજ્ઞાન નાશ પામેલું હોવાથી તેનાં તે કર્મો તેને સુખ દુઃખાદિનો ભોગ આપી શકતા નથી. જેમ દગ્ધ બીજને અંકુર નીકળતાં નથી તેમ જ્ઞાનીના પ્રારબ્ધ કર્મો અંકુર કાઢતા નથી.

૧૮ પ્ર—અજ્ઞાની કોને કહેવા અને તેને ઓળખવા કેમ ?

ઉ—અજ્ઞાની માણસને ઓળખવા બહારની નીશાની હોતી નથી, માટે એવા માણસનાં ગુણદોષ જાણી લેવા, જો તેનામાં દુર્ગુણ દેખાય તો તેના સંગથી દૂર રહેવું. ટુંકામાં દુર્ગુણવાળાં મનુષ્યોને અજ્ઞાની ગણવા.

૧૯ પ્ર—એ દુર્ગુણનું ટુંક વર્ણન કરો કે જેથી કરીને તેનાથી બચી શકાય ?

ઉ—દુર્ગુણ એટલે નઠારા ગુણો, તેમાં જૂઠું બોલવું, અદેખાઇ કરવી, આળસુ થવું, ચાડી, ચોરી, હરામીઆદિ જે કામથી આપણને તથા બીજાને દુઃખ થાય તે દરેક કામને કરાવનાર અંતરપ્રેરણાઓ તે દુર્ગુણથીજ થાય છે.

૨૦ પ્ર—સંસારમાં સદાએ સુખમાં રહી શકાય એનો શો ઉપાય?

ઉ—સુખમાં રહેવાનો બહુ સહેલો ઉપાય છે. અને તે એકે હમેશાં ન્યાય અને સત્યને વળગીને સંસારમાં ચાલવું.

૨૧ પ્ર—સંસારમાં દુઃખ ન વેઠવાં પડે એને માટે શું કરવું?

ઉ—સત્ય બોલવું, સત્યે ચાલવું અને સત્યનું શરણ લેવું. એટલે કાયા, વાચા, અને મનથી સત્યનુંજ અવલંબન કરવું અને ન્યાયને પણ દૃઢતાથી સેવવો જોઇએ.

૨૨ પ્ર—શું સત્ય અને શું અસત્ય એનો નિર્ણય શી રીતે કરવો?

ઉ—શરીરમાં રહેલી આંખો એ પ્રથમ આંખો છે. અને શાસ્ત્ર તથા સત્પુરુષો એ બીજી આંખો છે. તો એ આંખોથી જે યોગ્ય ઠરતું હોય તે પ્રમાણે વર્તવું.

૨૩ પ્ર—સ્વાર્થ વિના વ્યવહાર નીભી શકે નાહ તો સ્વાર્થનો ત્યાગ કેમ કરી શકાય?

ઉ—સ્વાર્થ એજ જગત્‌માં મેળવવા યોગ્ય છે, પણ હાલમાં સ્વાર્થ શબ્દ જે અર્થમાં વપરાય છે તે કનિષ્ટ સ્વાર્થ છે. તેથી એ સ્વાર્થ હિતકર નથી.

૨૪ પ્ર—સ્વાર્થ શબ્દના યથાર્થ અર્થ શું થાય છે તે કહો ?

ઉ—સ્વાર્થ એટલે સ્વ×અર્થ=સ્વ એટલે પોતાના અને અર્થ એટલે મેળવવાના પદાર્થ, પોતાને મેળવવા યોગ્ય પદાર્થના જે નિર્ણય કરાય ને તે મેળવવા પ્રયત્ન કરી પ્રાપ્ત કરીએ અને તે મેળવી સુખી થઇએ તેને સ્વાર્થ સાધ્યો કહેવાય. ખરો સ્વાર્થ તો એજ કે જે કામથી આપણું અંતઃકરણ પ્રસન્ન રહે અને પરમેશ્વરની કૃપા મેળવીએ એવાંજ કામોમાં પ્રવૃત્તિ કરીએ તો યથાર્થ સ્વાર્થ સાધ્યો કહેવાય.

૨૫ પ્ર—સ્વાર્થ પછી પરાર્થ અને પરમાર્થ કરવાના છે, તો તેનું સ્વરૂપ શું ?

ઉ—પરાર્થ એટલે બીજા પ્રાણીને ઉપયોગી થવું ને પરમાર્થ એટલે સર્વથી શ્રેષ્ટ જે પરમાત્મા તેમને ઓળખી તેને અંતરમાં અનુભવી કૃતાર્થ થવું તે.

૨૬ પ્ર—એકાદશી આદિ વ્રતો કરવાનું પ્રયોજન શું?

ઉ—ઇંદ્રિઓનું દમન કરી તેને વશ કરવાને એ પ્રથમ ઉપાયો છે. ધીરે ધીરે આરંભ કર્યાથી મોટાં કામો થઇ શકે છે માટે પ્રથમ થોડો થોડો અભ્યાસ પાડવાનાં નિમિ-તથી વ્રતો કરવા ઉપકારક છે

પ્ર—૨૭ વ્રતો કરવાથી ઇંદ્રિઓ વશ થવા ઉપરાન્ત બીજો કંઇ લાભ હશે ?

ઉ—વ્રતોના રહસ્ય ઘણાં ઉંડા હોય છે અને એ સઘળાં સાંકેતિક હોય છે એ સંકેતને જાણી જો વ્રતો કરવામાં આવે છે તો તેનું યથાર્થ ફળ થાય છે.

प्रश्नोत्तर माळा.

तृतीय स्मरण.

૧ પ્ર—સત્‌સંગમાં રહ્યાં છતાં પણુ ઘણા મનુષ્યોને તેની અસર થતી નથી એનું કારણ શું ?

ઉ—સારા સંગની અસર ન થાય એનાં કારણ બે છે એક તો પૂર્વના નઠારા સંસ્કારની પ્રબળતા, અને બીજું ખરા મનથી સારા ગુણોને ધારણ કરવાની ઇચ્છા નહિ. આ બે દોષને લીધે સત્સંગની તેનાપર જરાપણ અસર થતી નથી.

૨ પ્ર—સત્‌સંગનો સાચો રંગ ક્યારે લાગે ?

ઉ—પોતાના મનથીજ પોતે સુધરવાની ઇચ્છા કરે અને પોતાના જે જે દોષો માલમ પડે તેને ન છુપાવતાં ઉલટાં પ્રકટ કરી તે તે દોષોથી બચવાને પોતાના મનપર બળ વાપરે તો ધીરેધીરે તેના બધા દોષો જતા રહે છે. અને એમ થાય ત્યારે સત્‌સંગનું ફળ મળે છે.

૩ પ્ર—હાલ વ્રતો ઘણાં મનુષ્યો કરે છે પણ તેની ઇંદ્રિઓ વશ થઇ હોય એવું અન્યને જણાતું નથી ?

ઉ—હાલ જે વ્રતાદિનો પ્રચાર છે તે તેનાં રહસ્યને

જાણ્યા વિનાનો માત્ર દેખાદેખીનો છે અને તે ઇન્દ્રિયોને વશ વર્તાવવાદિ ઉદ્દેશથી કરતાં નથી એટલે તેવું ફળ જણાતું નથી.

૪ પ્ર—શ્રીમંતો કેવળ સુખજ ભોગવતા હશે ?

ઉ—સુખ દ્રવ્યમાં નથી, એટલે એમાં એકલાં શ્રીમંતનોજ હક છે એમ નથી, તે છતાં શ્રીમંતો કેટલું સુખ ભોગવે છે એ વ્યવહારથી સ્પષ્ટ છે.

૫ પ્ર—ત્યારે સાચું અને દીર્ઘકાળ રહે એવું સુખ શેમાં છે ?

ઉ—સાચું અને દીર્ઘકાળ રહે એવું સુખ મનમાં છે. એ મનને ઓળખી તેને યોગ્ય માર્ગાનુસારી કર્યું હોય તો એ મન મુક્તિ લગીનું સુખ આપવા સમર્થ છે.

૬ પ્ર—સુખ મનમાંજ રહ્યું છે એમ કહ્યું ત્યારે એ મેળવવાનો રસ્તો પણ બતાવો ?

ઉ—સુખ પામવા પ્રથમ મનને અંકુશમાં રાખવાની ઘણીજ જરૂર છે એક પ્રકારનો દૃઢ નિશ્ચય કરી તે અંત લગી નીભાવી શકાય એવું મજબુત મનને કરવું જોઇએ.

૭ પ્ર—પાપ કર્મો કોને કહેવાં ?

ઉ—પાપકર્મોનો એક ટુંકો સિદ્ધાંત છે કે જે કર્મ વડે આપણને તથા પરને દુઃખ થાય તે પાપકર્મ.

૮ પ્ર—માણુસ કંઇપણ પાપ ન કરે એમ બનતું હશે?

ઉ—માણુસ જો દૃઢ નિશ્ચય કરી વર્તે તો પછી એને કૃત નિશ્ચયથી ફેરવવા બીજા સમર્થ થતા નથી.

૯ પ્ર—પાપકર્મથી બચવા શું કરવું ?

ઉ—માણસો પાપકર્મમાં અનેક કારણોથી ઘસડાય છે તો તેમાંથી બચવા સારૂ ઘણી સાવધાની રાખવી. અને સારા માણુસ બતાવે તેજ રસ્તે ચાલવું એમાં પોતાનાં મનનું કહ્યું જરા પણ માનવું નહિ.

૧૦ પ્ર—મનને મજબુત કેવી રીતે કરવું ?

ઉ—બાળકપણાથી માબાપ તરફથી એ શિક્ષણ મળવાની જરૂર છે બાળકને સારાસારનું જ્ઞાન આપી વિરોધી પ્રસંગો આવતાં છતાં તે કરેલા નિશ્ચયથી ભ્રષ્ટ ન થાય એમ તેને શિખવવું જોઇએ.

૧૧ પ્ર—સ્ત્રીઓને ત્રણ અવસ્થામાં જૂદા જૂદાને આધીન રહેવું પડે છે તો તે વખતમાં સુખથી રહી શકાય એવું છે ?

ઉ—બાલ્યાવસ્થામાં ઘણું ખરૂં માબાપને વશ વર્તવું પડે છે, તો તેમનું કામ કરવા હોંશ રાખવી કામ કર્યાથી અને નરમ થવાથી બાળકપણામાં માબાપની પ્રીતિ મેળવાય છે. લગ્ન થયા પછી પતિને આધીન રહેવું એ કઠીન નથી. છેલ્લી અવસ્થામાં મર્યાદાસર પુત્રને આધીન રહેવામાં સુખ છે.

૧૨ પ્ર—મન યોગ્ય માર્ગાનુંસારી શી રીતે થાય !

ઉ—અધ્યાત્મ વિદ્યાના સેવનથી મન મજબુત થાય છે. ને ખરૂં સુખ પણ એ વિદ્યાથીજ મળે છે.

૧૩ પ્ર—અધ્યાત્મ વિદ્યા એટલી બધી સુખદાત્રી છે તો મનુષ્યો તેનું સેવન શા માટે નહિ કરતા હોય ?

ઉ—એ વિદ્યા સંપાદન કરવા બહારૂની તથા અંતરૂની એમ બેવડી સહાયની જરૂર છે, બે તરફની સહાય હોય તોજ એ વિદ્યાગાં પ્રવેશ થઇ શકે છે.

૧૪ પ્ર—બાહ્યનીને અંતરની સામગ્રી કયી ને કેવી તે કહો ?

ઉ—બાહ્યની સામગ્રી તે પ્રાણી પદાર્થનો સંગ છે. સારા સંગમાં રહેવાથી ઘણા લાભ થાય છે. ને અંતરૂની સામગ્રી તે પૂર્વ જન્મના સત્કર્મ બળે ઇંદ્રિય મન અધીન રહેતો ધાર્યાં કામો સારી રીતે થઇ શકે છે.

૧૫ પ્ર—શરીર વાણી અને મનને કર્મ અકર્મ અને વિકર્મમાં વાળનાર કોણ છે ?

ઉ—મનુષ્યોના પૂર્વના કર્મો વડે તેઓના શરીર રચાય છે અને તે જન્મ જન્મના સંસ્કાર વડેજ તે પ્રાણી તે તે કર્મ કરવા પ્રેરાય છે.

૧૬ પ્ર—કર્મ કરવાથી કેટલા કેટલા ફાયદા છે ?

ઉ—કર્મ એજ પ્રાણી માત્રને સંસારનું દર્શન કરાવનાર છે કર્મ કર્યા વિના કોઇને પણ ચાલતું નથી.

૧૭ પ્ર—કર્મ કેટલા પ્રકારના છે ?

ઉ—કર્મ ત્રણ પ્રકારના છે.

૧૮ પ્ર—ત્રણ પ્રકારના કર્મને બરાબર કહો ?

ઉ—૧-કર્મ, ૨-અકર્મ-૩-વિકર્મ એમ ત્રણ પ્રકારના કર્મ મુખ્ય છે.

૧૯ પ્ર—કર્મ એટલે શું ?

ઉ—કર્મ એટલે શરીરવડે, વાણીવડે અને મનવડે કરાતાં દરેક કામોને કર્મ કહેવાય છે.

૨૦ પ્ર—અકર્મ એટલે શું ?

ઉ—શરીરથી, વાણીથી અને મનથી કંઇ પણ કામ ન કરવું તે.

૨૧ પ્ર—વિકર્મ એટલે શું ?

ઉ—વિકર્મ એટલે ન કરવાં જેવાં કામો. જેમકે મનથી કોઇનું ખરાબ થાય એમ ધારીએ તે મનનું કર્મ વિકર્મ કહેવાય. વાણીથી કોઇને કઠોર શબ્દ બોલીએ અને ખોટી વાતો આદિમાં વખત ગાળીએ તે વાણીનું વિકર્મ ગણાય. અને શરીરથી કોઇને દુઃખ દઇએ તે શરીરનાં નઠારાં કામ ગણાય. આ ત્રણ વડે થતાં જે જે નઠારાં કામો હોય તે બધાને વિકર્મ જાણવાં.

૨૨ પ્ર—નિત્ય કર્મ એટલે શું ?

ઉ—નિત્ય કર્મ એટલે રોજ કરવાના કામો, તેમાં વિશેષ કરી ઇશ્વિર પ્રતિનાં જે કામો કરવામાં આવે છે તેને નિત્ય કર્મ કહેવામાં આવે છે.

૨૩ પ્ર—નિત્ય કર્મ કરવાથી ફ્રાયદો શો ?

ઉ—પ્રાણી માત્રને જેમ બધી જાતનાં આવશ્યક કર્મો છે, તેમ નિત્યકર્મ એ પણ એક જરૂરનું કામ છે. નિત્યકર્મથી અંતઃકરણની પવિત્રતા રહે છે. કારણ કે શુદ્ધ મનથી કરેલી ઈશ્વિર સ્તુતિથી સમય પરત્વે સાવધપણું રાખી શકાય એવી શક્તિ આવે છે. ને તેથી જે સમયે જેવાં ઘટે તેવાં કામો કરવા ઈશ્વિરી પ્રેરણા થયાં કરે છે એ મહાન્ ફ્રાયદો છે.

૨૪ પ્ર—એ કર્મમાં ફેરફાર કરવો હોય તો થઇ શકે કે નહિ ?

ઉ—હા, કર્મ કરવામાં ફેરફાર થઇ શકે છે. આ જન્મમાં સારા સંગમાં રહી બુદ્ધિને સત્ય માર્ગમાં ચાલનારી કરી હોય છે તો તેથી એ કર્મોમાં જેવો જોઇએ તેવો ફેરફાર કરી શકીએ છીએ.

૨૫ પ્ર—જે સુખ પામ્યાથી અંતઃકરણમાં આનંદ જણાય અને મનમાં કોઇ પણ પ્રકારનું દુઃખ જરાપણ જણાય નહિ એવું સુખ સાથી મળે ?

ઉ—દુઃખ વગરનું કેવળ આનંદદાયી સુખ મનના આધાર પર છે. જે વ્યક્તિએ શાસ્ત્ર અને સત્પુરુષ દ્વારા ભક્તિજ્ઞાનનો આશ્રય લઇને પોતાનાં મનને તે પ્રમાણે ચલાવ્યું હોય છે, તો તેને એ સુખનો અનુભવ થાય છે.

૨૬ પ્ર—શાસ્ત્ર અને સત્પુરુષની સમિપતા છતાં ઘણાં મનુષ્યો કોરા કાગળ જેવા રહે છે. અને તેના કામો સામાન્ય મનુષ્ય કરતાં પણ અધમ જણાય તેનું કારણ શું?

ઉ—મનુષ્યમાં જ્ઞાન આવવાને પ્રથમ પોતાની શુદ્ધતાની ઘણી જરૂર છે. જે પ્રાણીના પૂર્વના સંસ્કાર શુદ્ધ હોય છે તેનેજ જ્ઞાનનો પાશ લાગે છે. શાસ્ત્ર અને સત્પુરુષ એ પ્રાણીનાં નેત્ર છે ને પોતાની શુદ્ધતા એ મસ્તક છે હવે જેને મસ્તકજ નહિ તેના આગળ 'નેત્રો ધરવાથી તે શી. રીતે જોઇ શકે. કદાપિ તેનાથી જોવાવાનું નથી. તેજ પ્રમાણે પોતાની શુદ્ધિ વિના અન્યના બોધથી જોઇતો લાભ થવાનો નથી.

૨૭ પ્ર—ત્યારે પોતાની ઉન્નતિને સારૂં શું કરવું?

ઉ—પોતાની ઉન્નતિના અભિલાષીએ પોતેજ પ્રથમ સુધરવાનું છે. કોઇના સુધાર્યાથી કદી સુધરાતું નથી પોતાના દોષ પોતે ઓળખીને તેને શત્રુની પેઠે ત્યાગ કરી તજી દેવા. અને ગુણોને ગ્રહેવામાં આતુર રહી જ્યાં ત્યાં ગુણોજ ધારણ કરવા.

प्रश्नोत्तर माळा.

चतुर्थ स्मरण.

१ प्र—એવાં સરળ સાધન છતાં પ્રાણીઓ કેમ નહિ પાળતાં હોય ?

ઉ—એ લોકોને પ્રથમથી સત્યના રહસ્યનું જ્ઞાન નથી. ને સ્વાર્થનો સ્વાદ બહુ લાગ્યો છે એટલે ન્યાયની સામે જોવાતું નથી તેથી દુઃખી થાય છે.

૨ પ્ર—ક્રિયાના ફલોને મનુષ્યો જાણી શકતાં નથી તો પાપને શી રીતે ઓળખી શકે ?

ઉ—જે કામ કર્યાથી આપણું મન કચવાય અને મારી વાત કોઇ જાણી જશે એવો ભય રહે તે પાપ જાણવું.

૩ પ્ર—સાધુ વા સાધ્વી કોને કહેવાં ?

ઉ—જે પ્રાણીઓએ પોતાની મનોવૃત્તિને સાધ્ય કરી હોય એટલે પોતાને આધીન કરી વશ વર્તાવતાં હોય તે સાધુ વા સાધ્વી નામ ધારણ કરી શકે છે.

૪ પ્ર—સર્વ કર્મનું રહસ્ય જાણવામાં આવે એવો શો ઉપાય છે ?

ઉ—કર્મનું રહસ્ય જાણવા સારૂં કર્મનો સિદ્ધાંત સમજાવવો જોઇએ અને તેની વિધિ તથા ફળ વગેરેનું સંપૂર્ણ જ્ઞાન બાલ્યાવસ્થાથીજ આપવું એટલે તે વય વધતાં સર્વ કર્મને યથાર્થ કરી શકે.

૫ પ્ર—જીવેશ્વર વિષે સમજવામાં શી ક્રિયા કરવી?

ઉ—જીવને ઇશ્વરનું સ્વરૂપ સમજવું એજ ખરૂં સમજવાનું છે. અને એને સારૂ જ્ઞાનનાં ગ્રંથો પ્રવિણ મહાત્માદ્વારા સાંભળવાની જરૂર છે.

૬ પ્ર—તમે કહ્યાં એવાં સાધનો ન હોય તો પોતે શું કરવું?

ઉ—ઉપલાં સાધન ન હોય તો પોતે ખંત રાખી સદ્ગ્રંથો વાંચવા એટલે તેનું રહસ્ય સમજાશે.

૭ પ્ર—જીવ કોણ અને ઇશ્વર કોણ? એ વિષે સહજપણ સમજાવો?

ઉ—જીવ એ ઇશ્વરનો અંશ છે અને તે પૂર્વના જન્મકર્માનુસાર ફલ ભોગાર્થે અહિં અવતરે છે અને ઇશ્વર એ સર્વ ધર્મ કર્મના સાક્ષી અને સર્વથી ન્યારા પૂર્ણ પરમાત્મા છે.

૮ પ્ર—જીવ જગત્માં અવતરે છે પણ તે ઘણો અનુભવ દુઃખનો કરે છે એનું કારણ શું?

ઉ—જીવોને સુખ દુઃખનો અનુભવ થવો એમાં પોતેજ કારણરૂપ છે પૂર્વે જેવાં કર્મ કર્યાં હોય તે પ્રમાણે માણસનું સૂક્ષ્મ શરીર બંધાય છે અને સૂક્ષ્મ શરીરાનું સારજ સ્થૂલ શરીર રચાય છે તો જે પ્રમાણે સૂક્ષ્મ શરીરમાં કર્મ ભોગ ભર્યાં હોય તેજ પ્રમાણે બાહ્ય સુખ દુઃખનો અનુભવ થાય છે.

૯ પ્ર—શરીરની અવસ્થા કેટલી છે ?

ઉ—શરીરની અવસ્થા ચાર છે, જાગ્રત્, સ્વપ્ન, સુષુપ્તિ અને ચોથી તુર્યા, એ ચાર અવસ્થા શરીરની ગણાય છે.

૧૦ પ્ર—એ ચારેનો ભેદ સમજાવો ?

ઉ—પહેલી જાગ્રત્, જેથી આપણે આ શરીરવડે સર્વ વ્યવહાર કરીએ છીએ. અને જેની આપણને લાંબા કાળ સુધી સ્મૃતિ રહી સુખ દુઃખનો અનુભવ થાય છે તેને જાગ્રત્ અવસ્થા કહેવાય છે.

૧૧ પ્ર—બીજી જે સ્વપ્ન અવસ્થા તેનું વર્ણન કરો?

ઉ—સ્વપ્ન અવસ્થા નિદ્રા આવ્યા પછી થાય છે એ સમયે જીવોનાં કરેલાં કર્મોની વાસનાનુસાર અંતઃકરણમાં સૃષ્ટિ જણાય છે. અને માનસિક ભોગની પ્રાપ્તિ થાય છે એ માનસિક ભોગ સમયે જીવાત્માને ભાન નથી રહેતું કે આ મિથ્યા સૃષ્ટિનો હું અનુભવ કરૂં છે, ને જાગ્યા પછી તે તદન મિથ્યાજ હતું એમ સ્પષ્ટ લાગે છે.

૧૨ પ્ર—સુષુપ્તિ અવસ્થાનું વિવેચન કરી બતાવો?

ઉ—૧ જાગ્રત્, સુષુપ્તિ, સ્વપ્ન સુષુપ્તિ, ધાઢ સુષુપ્તિ એમ એ અવસ્થા ત્રણ પ્રકારની અનુભવાય છે. જાગ્રત્ સુષુપ્તિ એટલે આપણુને બહારૂથી બીજા ઉંઘતાં જાણે છતાં આપણે અંદરથી જાગતા હોઇએ. બહારૂના શબ્દ સાંભળીએ તો પણ તેનું ભાન રહે નહિ તે.

૨ સ્વપ્ન સુષુપ્તિ એટલે ઉંઘમાં જે સ્વપ્ના આવે છે તેનું તે વખત બરોબર સ્મરણ હોય છતાં જાગીએ ત્યારે કંઇ વાતનું સ્મરણ ન રહે તે.

૩ ધાઢ સુષુપ્તિ કે જેમાં અંતર્ બાહ્ય કંઇ ભાન નહિ તે. કે જેને ઘોર નિદ્રા કહીએ છીએ તે.

૧૩ પ્ર—વાણી કેટલી છે?

ઉ—પરા, પશ્યંતિ, મધ્યમાં ને વૈખરી એ ચાર વાણી છે.

૧૪ પ્ર—એ ચારે વાણીના સ્વરૂપ વિસ્તારથી સમજાવો?

ઉ—પરા વાણી મૂર્ધાથી થાય છે. ત્યાંથી નીચે ઉતરી હૃદયમાં જે વાણી રહે તે પશ્યંતિ. કંઠમાં જે વાણીનો અનુભવ થાય છે અથવા જે મનમાંજ બોલીએ છીએ તે મધ્યમા, અને મુખેથી ઉચ્ચારાતી પ્રકટ વાણીને વૈખરી કહેવાય છે.

૧૫ પ્ર—એ ચારે વાણીનાં કાર્યનું વિવેચન કરો ?

ઉ—પરાવાણી ઓંકાર રૂપે પ્રકટ થાય છે, ને એ યોગીઓને ગમ્ય થાય છે. પશ્યંતિ વાણી કંઇક રૂપમાં આવે છે પણ તેની પ્રતીતિ જીવોને થતી નથી. અને આપણે કહીએ છીએ કે હૈયે છે પણ હોઠે નથી તેમ એ વાણીનો અનુભવ લેવાતો નથી. મધ્યમા વાણી કંઠે હોય છે અને તે જાણતાં છતાં બોલવામાં સ્મરણ આવતી નથી તે. મુખેથી બોલાતી પ્રકટ વાણી વૈખરી કહેવાય છે.

૧૬ પ્ર—આપણા શરીર કેટલા છે. તેના નામ કહો?

ઉ—આપણા શરીર ચાર છે સ્થૂળ, સૂક્ષ્મ, કારણ ને મહાકારણ એ ચાર શરીર છે.

૧૭ પ્ર—એ ચારે શરીરના કાર્ય તથા સ્થાન બતાવો?

ઉ—પૃથ્વી, પાણી, તેજ, વાયુ અને આકાશ એ પંચ મહાભૂતથી બનેલું આ શરીર છે તે સ્થૂળ શરીર, પાંચ પ્રાણ પાંચ જ્ઞાનેન્દ્રિય, પાંચકર્મેન્દ્રિય મન અને બુદ્ધિ એ સત્તર તત્ત્વનું બનેલું જે શરીર તે સૂક્ષ્મ શરીર, વાસનાઓનો સમુહ જેમાં રહે છે અને જે બીજું શરીર ધારણ કરાવવામાં જે મદદ કરે છે તે કારણ શરીર, અને મુક્ત પુરુષોને સાધનની પરિપાક દશાએ મહાકારણ શરીરની પ્રતીતિ થાય છે.

૧૮ પ્ર—જીવોને જન્મ મરણ આપનાર પ્રબલ દોષ કયા છે?

ઉ—હુંને મારૂં હદ ઉપરાંત કરી તે વડે વ્યવહારમાં રાગ દ્વેષાદિ પૂર્વક વર્તવું એજ જન્મ મરણ આપનાર કારણ છે.

૧૯ પ્ર—ઉપર કહ્યું તેથી ઉલટાં જન્મ મરણથી છોડવનાર સાધન કયાં છે તે કહો?

ઉ—જન્મ મરણથી છોડાવનાર સાધન ત્રણ છે. મનોનાશ, વાસનાક્ષય, તત્વજ્ઞાન આ ત્રણે સાધનો ક્રમ પૂર્વક સાધ્યા હોય છે તો જન્મ મરણથી જીવ છુટો થાય છે. ને તે જીવ મુક્ત ગણાય છે.

૨૦ પ્ર—ઉપલાં ત્રણે સાધનો સાધવાની યોગ્યતા આણવા પ્રથમ શું કરવું જોઇએ?

ઉ—કર્મ, ઉપાસનાને જ્ઞાન એ ત્રણે સાધનો વડે અંતઃકરણને પવિત્ર કરી તેનો અધિકાર ઉચ્ચ કરવો જોઇએ સત્કર્મથી અંતરના મલ ધોવાય છે. ઉપાસનાથી મનની સ્થિરતા થાય છે ને જ્ઞાને કરી પરમાત્માને જાણી શકાય છે.

૨૧ પ્ર—ઇશ્વરનું અખંડ સ્મરણ શી રીતે કરવું અને કયાં કરવું?

ઉ—સર્વ વ્યાપી પરમાત્માથીજ આ સર્વ સૃષ્ટિ ઉત્પન્ન થઇ છે. અને સર્વ વાતમાં પ્રેરક ચાલક પણ એજ

પ્રભુ છે એના શિવાય જીવોથી પોતાની શક્તિએ કંઇપણ થતું નથી. એ અનુભવ પૂર્વક જાણી સમજીને તે પ્રમાણે પરમાત્માનું સર્વ સમયે સ્મરણ કરવું અને સર્વ વસ્તુમાં એટલે આપણાં પીંડથી માંડીને બ્રહ્માંડ પર્યંત તેને ઓત પ્રોત જાણી પ્રભુનું ધ્યાન ધરવું.

૨૨ પ્ર—આપણા હ્રદયમાં આત્માના દર્શન કરવા કેવે પ્રકારે ચિંતન કરવું ?

ઉ—શરીરના અંતરૂભાગમાં એટલે હ્રદય કમળની અંદર જયોતિ રૂપે આત્મા વિરાજે છે એવી ભાવના કરવી એ આત્માને પંચકોશ ઢાંકણુ છે, તે ઢાંકણુ જ્ઞાને કરી જુદું જાણી નિજસ્વરૂપનો અનુભવ કરવો.

૨૩ પ્ર—જીવોને મોક્ષ માર્ગે જતાં વિઘ્ન લાવનાર શું છે તે કહો ?

ઉ—લોકૈષણા, પુત્ર દારૈષણા, અને વિતૈષણા એ ત્રણનાં પ્રતિબંધથી જીવોને કલ્યાણકારી સાધન સાધતાં વિઘ્ન નડે છે. જગતના લોક થી ડરી સાધન સાધતાં અટકવું તે લોકૈષણા. સ્ત્રી પુત્ર અથવા પતિ પુત્રના મોહમાં ગરક થઇ મોક્ષના સાધન

ત્યજી દેવાં તે પુત્રદારેષણા, અને ધનનુંજ સ્મરણ ચિંતન ને રક્ષણ કર્યા કરી તેને સુમાર્ગે વ્યય ન કરવો તે વિતૈષણા એ ત્રણ ઇષણાના પ્રબલથી મોક્ષના સાધન સાધી શકાતાં નથી.

૨૪ પ્ર—શરીરમાં સર્પની પેઠે ડંખ દેનાર કોણ છે કે છતે સાધને શાંતિ ભોગવાતી નથી.

ઉ—સર્પ સમાન નિરંતર મહાવિષની જ્વાલા કાઢનાર કામ અને વાસના આપણાં અંતરમાં રહી આપણને સંતાપે છે એટલે સુખના સાધનો પ્રાપ્ત છતાં સુખનો અનુભવ થતો નથી. કામ અને વાસનાનું જોડું એ કાળી નાગના જોડા સમાન છે. સંસારમાં વસ્તુઓ અનંત છે અને કામ એટલે નાના પ્રકારના વિષયો ભોગવવાની ઇચ્છા સ્ફુરે તે પણ અનંત છે અને વાસનાઓ પણ તદ્વત્ છે એટલે સર્વ વસ્તુ પ્રાપ્ત હોવાનો અસંભવ હોવાથી અપ્રાપ્ત ઇચ્છાને વશ વર્તી જીવો સદા અસંતુષ્ટ રહી થોડે ઘણે અંશે કલેશનો અનુભવ કરે છે તેથી એને સર્પ સમાન ઝેરી કહ્યાં છે.

૨૫ પ્ર—કેવી અને કયી વૃત્તિથી પ્રભુનો સાક્ષાત્કાર થાય છે.

ઉ—વૃત્તિ બે પ્રકારની છે. એક શબ્દ વૃત્તિને બીજી લક્ષ્ય વૃત્તિ. શબ્દ વૃત્તિથી શબ્દાદિનું શ્રવણ થાય છે. એટલે એ વૃત્તિ બાહ્ય સાધન સધાવનારી છે. લક્ષણાવૃત્તિ અંતર્ સાધનની છે. એનું સુરતા એવું નામ પણ છે. લક્ષ્યવૃત્તિ અંતર્માં રહેલી છે ને શાંતપણથી તેનો અનુભવ થાય છે. શરીરની તથા મનની સર્વ પ્રકારની ક્રિયાને બંધ કરી શાંતિપૂર્વક સ્થિર થવાથી લક્ષ્યવૃત્તિનો ઉપયોગ કરાય છે એ લક્ષણાવૃત્તિથીજ પ્રભુનો સાક્ષાત્કાર થાય છે. માટે લક્ષ્યણાવૃત્તિમાં બધી વૃન્તિને એકાકાર કરી પ્રભુનું ધ્યાન ધરવા બેસવું.

૨૬ પ્ર—સર્વ વ્યાપક પરમાત્માનું ચિંતન કેવી રીતે કરવું ?

ઉ—ઘટાકાશ, મઠાકાશ, અને મહદાકાશ એમ ત્રણ ત્રણ વિભાગ પડાય છે. ઘટ એટલે ઘડો અથવા શરીર. શરીરમાં રહેલું આકાશ એ મૂળ આકાશથી જુદું નથી પણ થોડા ભાગમાં રોકેલા આકાશને નામે આપવામાં આવ્યું છે. તેવીજ રીતે મઠાકાશ એટલે ઘરમાં અથવા મઠમાં રહેલું આકાશ એ પણ મૂળ આકાશથી જૂદું નથી. શરીરથી

મોટું જે ઘર તેમાં કલ્પના કરેલી છે તેથી મઠાકાશ કહેવાય છે. અને મહદાકાશ એટલે મ્હોટું આકાશ. પેહેલા એ સ્થાનમાં જે આકાશનો અનુભવ કરીએ છીએ તે આકાશ એજ વસ્તુ સત્ય છે. ને ઘટ મઠની ઉપાધિએ એને એવું નામ આપવામાં આવ્યું છે. એ બે ઉપાધિઓ નાશવંત છે ને વસ્તુતઃ એ આકાશ એજ સત્ય વસ્તુ છે માટે એ બે વસ્તુઓ પ્રતીત થયાં છતાંપણ તેનો તત્ત્વદષ્ટિથી લય કરી અંતિમ કહેલું જે મહદાકાશ તેમાં વૃત્તિઓને સ્થાપી અહર્નિશ સર્વ ઠેકાણે એક પરમાત્માનું ચિંતન કરવું.

૨૭ પ્ર—સાચાં સર્જન કોણ ?

ઉ—જે જીવો જીવન્મુકિત પદનો અહિં અનુભવ કરે છે તે સાચાં સર્જન જાણવાં. જીવતાં છતાં સુખદુઃખ, રાગદ્વેષ, માન અપમાન, હર્ષશોક, આદિ દ્વંદ્વ ધર્મનો જેના અંતઃકરણને સ્પર્શ થતો નથી અને સદા આનંદમય પોતાનું જીવન પ્રસાર કરે છે તે જીવન્મુકત મહાયોગી સાચા સર્જન કહેવાય છે.

૧૦૯ પ્ર—પુરુષોત્તમપદ ક્યારે ને કેમ મેળવાય ?

ઉ—શરીર વાણીને મનવડે અનેક પ્રકારના સાત્વિક તપો કરી સર્વેન્દ્રિયોને સારી રીતે વશ વર્તાવી સર્વ પ્રાણી પદાર્થોમાં સચ્ચિદ્દ્ઘન પરબ્રહ્મને જોઇ તદનુસાર સર્વ વર્ત્તન કરી સર્વને સુખ આપી પોતે પોતામાં પૂર્ણપણાનો અનુભવ કરી વ્યવહારમાં શુદ્ધ વર્તન રાખી શાંતપણે જીવન વ્યતીત કરી શકાય તો પછી જીવ પુરુષોત્તમ પદનો સ્વાદ લઇ દેહાંતે એ પદમાં શમી જાય છે. હરેક પ્રકારે મનાદિ સર્વ ઇંદ્રિયને વશ વર્તાવી સર્વ સ્થળમાં પ્રભુનું ચિંતન કરવું એ પ્રભુ મેળવવાનો સર્વોત્તમ ને સરળ ઉપાય છે. અને તેથીજ જીવનની સાર્થકતા મનાય છે.

સમાપ્ત.

अभ्यर्थना.

સફળ કરો અવતાર, અબળાનો સફળ કરો અવતાર

દાખવી માયા પાર,

જગમાં આવી વિદ્યામાં ફાવી, ઓળખીએ કિરતાર—અ.

નારી સારી જે જન પામે, સુધરે તેનો સંસાર—અ.

પુરુષ પઢે ને સ્ત્રીઓ વઢે એ, કષ્ટ જનક આચાર—અ.

દુર્મતિ ટાળી સન્મતિ આપો, સુગુણ ગ્રહી હુશીઆર—અ.

ફેશન છોડી લેસન લઇએ, (તો) દીપે હૃદયાગાર—અ.

સરળ ને સાદું જીવન ગાળી, રીઝવીએ ભરથાર—અ.

અહં મમને હલકું કરીને, ટાળો હૃદય વિકાર—અ.

જે જે સદ્ગુણથી સુખ આવે, તે દો વિશ્વાધાર—અ.

મન બુદ્ધિને સબળ કરીને, વહીએ ભવ મોઝાર—અ.

સત્કીર્તિ રળવાનાં કાર્યો, કરવા દીયો સુવિચાર—અ.

અધિક પ્રેમથી ત્રાતા! પદમાં, પ્રણમીએ વારંવાર—અ.

વિધવાઓની કેળવણી માટે ઉત્તમ

વનિતા વિશ્રામ.

આ સંસ્થા ચાર વર્ષ થયાં સુરત, નાગરફળીઆ
જેમાં સધવા કન્યા અને ખાસ કરી વિધવાઓને ર
નીતિ, ગૃહવ્યવસ્થા, સંસ્કૃત અંગ્રેજી, ગુજરાતી, ભરત
શીવણ વગેરે એટલે કે ટુંકમાં કેળવણીની સાથે
મેળે નિર્વાહ કરી શકે તેવા ધંધાનું શિક્ષણ આપવા
છે. વિધવાઓ પાસે ખાવા, પીવા, રહેવા, પહેરવા ઓઢવ
બદલ કોઇપણ પ્રકારની ફી લીધા વગર દાખલ કરવામાં આ
છે. સધવા તેમજ કન્યા પાસે, પંદર વર્ષથી ઉપરની ઉમ્મરન
માટે માસિક રૂ૦ ૭) અને એથી અંદરની વયના માં
માસિક રૂ૦ ૫) રાખવામાં આવી છે.

આવી સંસ્થાને નિભાવવા સૌ કોઇએ પોતાની સ્થિતિ
અનુસાર તન-મન કે ધનથી મદદ કરવી ઘટે છે.

સુરત "ગુજરાત સ્ટાન્ડર્ડ" પ્રેસમાં શા. હી. ખસુખાંએ છાપ્યું.